# વડોદરા જિલ્લામાં અવાજ પ્રદૂષણને અટકાવવાના પ્રતિબંધોનું પાલન કરવું

વડોદરા, તા.૩૦

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરાએ કાયદાની લાગુ પડતી જોગવાઈઓને અનુલક્ષીને જિલ્લામાં કોઇપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ જાહેર શાંતિ, સલામતી અને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નિયમોને આધિન જાહેરહિતમાં કેટલાક કૃત્યો કરવાની મનાઇ ફરમાવી છે. અવાજ પ્રદૂષણને અટકાવવા અંગે વખતોવખતના ચૂકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, પર્યાવરણ વિભાગ દ્વારા પ્રસિધ્ધ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે તે મુજબ ધ્વનિ પ્રદૂષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો મુજબ નક્કી કરવામાં આવ્યા છે તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહે છે. વિસ્તાર મુજબ નોઇઝ સ્ટાન્ડર્ડ નક્કી કરવામાં આવ્યા છે. સવારે ૬ થી રાત્રે ૧૦ દરમિયાન ઔદ્યોગિક વિસ્તારમાં ૭૫, વાણિજય વિસ્તારમાં ૬૫, રહેણાંક વિસ્તારમાં ૫૫ અને શાંત વિસ્તારમાં ૫૫ ડેસિબલ નોઇઝ સ્ટાન્ડર્ડ છે. રાત્રે ૧૦ થી સવારે ૬ દરમિયાન ઔદ્યોગિક વિસ્તારમાં ૭૦, વાણિજય વિસ્તારમાં ૫૫, રહેણાંક વિસ્તારમાં ૪૫ અને શાંત વિસ્તારમાં ૪૦ ડેસિબલ નોઇઝ સ્ટાન્ડર્ડ છે. સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવા અને નવરાત્રિના તહેવારો દરમિયાન, લગ્ન પ્રસંગો, મેળાવડા દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લિક એડ્રેસ સીસ્ટમના ઉપયોગની ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે. રહેણાંક વિસ્તારમાં થઇ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવરજવર અને હોર્ન વગાડવાને કારણે તથા બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતા સાધનોને કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે. આથી રાત્રે ૧૦ થી સવારે ૬ કલાક સુધી નિયત કરવામાં આવેલા સમયમાં હોર્ન સહિત ધ્વનિ પ્રદૂષણ કરતા સાધનો વગાડવા પર પ્રતિબંધ છે. માઇક સીસ્ટમ ભાડે આપનાર માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઇવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના હુકમત વિસ્તારમાં વરઘોડા, રાજયકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જગ્યામાં ઉપયોગ માટે ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સીસ્ટમ ભાડે આપી શકશે નહિ. હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવા વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઇક સીસ્ટમનો ઉપયોગ થઇ શકશે નહિ.

એકબીજાને ઉશ્કેરણી થાય તેવા ગાયનો-ઉચ્ચારણોનો માઇક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહિ. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો-કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન-ગરબા જાહેરમાર્ગ રોકાઇ તે રીતે કરવા નહિ. ડી જે સીસ્ટમ વગાડવા માટે જણાવ્યું તે તમામ પ્રાવધાનોનો અને જોગવાઇઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળો પર વગાડવા પર પ્રતિબંધ છે. માઇક સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધોમાંથી છૂટછાટ માટેની શરતો પણ છે જેને ધ્યાને લેવાની રહેશે. વડોદરા જિલ્લામાં તા.૦૪-૧૨-૨૦૨૨ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાપાત્ર ઠરશે.

# હવે કોંગ્રેસનો લેખિત દાવો, આપની શૂન્ય બેઠક આવશે, ભરતસિંહે ટુરિસ્ટ પાર્ટી ગણાવી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં પહેલીવાર વિધાનસભાની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ છે, ત્યારે આ વખતની ચૂંટણીમાં ત્રણેય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે થોડા સમય પહેલા અરવિંદ કેજરીવાલે પોતાની જીતનો લેખિત દાવો આપ્યો હતો. ત્યારે હવે કોંગ્રેસે લેખિત દાવો આપ્યો કે, આપની શૂન્ય બેઠક આવશે. તો બીજી તરફ, કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીએ આમ આદમી પાર્ટીને ટુરિસ્ટ પાર્ટી ગણાવી છે.

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં આવતીકાલે પહેલા તબક્કાનું મતદાન થવાનું છે, ત્યારે બીજા તબક્કાના મતદાન માટે પુરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. ત્યારેગુજરાત કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માએ કહ્યું કે, કોણ સત્તામાં રહેશે તે જનતા નક્કી કરે છે. ભાજપે ખોટા ઘમંડમાં ન રહેવું જોઈએ. તેમણે આમ આદમી પાર્ટી પર પણ પ્રહારો કરતા કહ્યું કે, કોરા કાગળ પર મેં પણ લખ્યું છે કે આપની શૂન્ય બેઠક આવશે. તેમના સીએમ પદના ઉમેદવારની ડિપોઝીટ પણ જપ્ત થશે. ૫ વર્ષમાં ભાજપની ભૂલ બતાવવાનું કામ કોંગ્રેસે કર્યું છે. આ મોસમ આધારિત પાર્ટી જેમની પાસે કાર્યકર નથી, પેઇડ વર્કરના આધારે આ અમારી સામે સવાલ કરે છે.

# આપ એ રેશ્મા પટેલને પ્રદેશ પ્રવક્તાની જવાબદારી સોંપી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે આમ આદમી પાર્ટીએ સંગઠનના માળખામાં નવા ચહેરાઓનો સમાવેશ કર્યો છે. આપએ સંગઠનના માળખામાં નવા ૬૨ પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જેમાં તાજેતરમાં જ એનસીપીમાંથી પક્ષપલટો કરીને આવેલા મહિલા નેતા રેશ્મા પટેલને પ્રદેશ પ્રવક્તાની જવાબદારી સોંપવામાં આવી છે. સાથે જ યુવા નેતા પ્રવિણ રામને આપના પ્રદેશ ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે.ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં જીતનો લેખીતમાં દાવો કરતી આમ આદમી પાર્ટીએ ચૂંટણી પહેલા સંગઠનના માળખામાં ૬૨ પદાધિકારીઓની નિયુક્તિ કરી છે. જેમાં મુખ્યત્વે રાજીબેનને પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. બ્રિજ સોલંકીને પ્રદેશ યુવા પ્રમુખ બનાવવામાં આવ્યા છે. જાવેદ આઝાદ કાદરીને પ્રદેશ માઈનોરીટી વિંગના ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. જ્યારે ૩૯ નેતાઓને વિધાનસભા સહ સંગઠન મંત્રી બનાવવામાં આવ્યા છે, ૭ નેતાઓને જિલ્લા ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે.

# ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડતા ૧૩ ઉમેદવારો પાસે હથિયાર લાયસન્સ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૩૦

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની યોજાનારી ચૂંટણીમાં કુલ ૧૩ ઉમેદવારો પાસે હથિયાર લાયસન્સ છે જેમાં ભાજપના ૬, કોંગ્રેસના ૫, આમ આદમી પાર્ટીના ૧ અને ૧ અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે. ભાજપના જે ૬ ઉમેદવારો પાસે હથિયાર લાયસન્સ છે તેમાં વાઘોડિયા બેઠક પરના અશ્વિન પટેલ, ડાંગ બેઠક પરના વિજય પટેલ, નિકોલ બેઠક પરના જગદીશ પંચાલ, ધાનેરા બેઠક પરના ભગવાન પટેલ, અકોટા બેઠક પરના ચૈતન્ય દેસાઇ અને થરાદ બેઠક પરના ઉમેદવાર શંકર ચૌધરીનો સમાવેશ થાય છે. એ જ રીતે કોંગ્રેસના જે ૫ ઉમેદવારો પાસે જે હથિયાર લાયસન્સ છે તેમાં ધાનેરાના નાથાભાઇ પટેલ, રાધનપુરના રઘુ દેસાઇ, ડિસાના સંજય રબારી, બોટાદના મનહર પટેલ અને ડભોઇના બાલકૃષ્ણ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે શહેરા બેઠક પરના આમ આદમી પાર્ટીના તખતસિંહ સોલંકી અને વાઘોડિયા બેઠક પરના અપક્ષ ઉમેદવાર મધુ શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે.

# મતદાનના એક દિવસ પહેલા આપ ઈમામ-મૌલવીઓને પગાર આપતા હોવાનો મુદ્દો ચગ્યો

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૩૦

ગુજરાત ચૂંટણીના એક દિવસ પહેલા આમ આદમી પાર્ટી ઈમામોને પગાર આપતા હોવાનો મુદ્દો ચગ્યો છે. ભાજપે આમ આદમી પાર્ટી પર મોટો આરોપ લગાવ્યો છે. ભાજપ ગુજરાતના મીડિયા કન્વીર ડો યજ્ઞેશ દવેએ ટ્વીટ કરી કે, દિલ્હી સરકાર મૌલવી અને ઇમામને દર મહિને પગાર ચૂકવે છે. આરટીઆઇમા થયેલા ખુલાસામા વાત સામે આવી છે.

ત્યારે આરટીઆઇનો હવાલો આપી ભાજપે આપ સરકાર પર પ્રહાર કર્યાં છે. ભાજપે કહ્યું કે, આમ આદમી પાર્ટીના અસત્યનો પર્દાફાશ થયો છે.

અરવિંદ કેજરીવાલની દિલ્હી સરકાર ઈમામ અને મોલવીઓને ૧૮૦૦૦ અને ૧૬૦૦૦ નો પ્રતિ માસ પગાર આપે છે. વારંવાર ખોટું બોલનારું આપ શું માહિતી પ્રસારણની આ રિપોર્ટને ખોટું સાબિત કરી શકશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પ્રથમ તબક્કાનું મતદાન આવતીકાલે થવા જઈ રહ્યું છે. મતદાનને ગણતરીની કલાકો જ બાકી છે. એવામાં ચૂંટણી પહેલા નેતાઓ મત માટે અનેક પ્રકારના હથકંડા અપનાવતા હોય છે.

કોઈક સાડીની લ્હાણી કરે છે તો કોઈક નોટોની લ્હાણી કરે છે, ત્યારે હાલ એક વીડિયોથી ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. જેમાં કેટલાક લોકો રાત્રીના સમયે રૂપિયાનું વિતરણ કરતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો દાંતા વિધાનસભા વિસ્તારનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. વાયરલ વીડિયોમાં આદિવાસી લોકોને ખુલ્લેઆમ નીચે બેસાડીને રૂપિયા વહેંચવા સહિત મહિલાઓને સાડીઓ વહેચતો વીડિયો વાયરલ થયો હતો. એવું કહેવાઈ રહ્યું છે કે અમીરગઢના સુરેલા ગામે ભાજપ સભામાં કાર્યકરો દ્વારા પૈસા અને સાડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જોકે, આ વીડિયો પર ફરિયાદ દાખલ થઈ હતી આમ છતાં વીડિયોની કોઇ પુષ્ટી થઇ નથી. આ ઉપરાંત ભાજપના રાધનપુર બેઠક પરના ઉમેદવાર લવીંગજી ઠાકોરને લોકો દ્વારા નોટોનો હાર પહેરાવતો પણ વિડીયો વાયરલ થયો છે.


વડોદરા મહાનગરપાલિકા
આકારણી શાખા
www.vmc.gov.in

" વેરાબીલો ભરવાની મુદતમાં વધારો કરવા બાબત "

વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ રહેણાંક, બીન રહેણાંક (ઔધોગિક એકમો સહની) મિલકતોનાં વેરાના બીલો ભરવાની મુદતમાં દર વર્ષે વધુ ૧૫(પંદર) દિવસનો વધારો કરવામાં આવે છે, તે મુજબ ચાલુ વર્ષે સને ૨૦૨૨-૨૩ના વર્ષના વેરા બીલ ભરવાની મુદતમાં દિન-૧૫(પંદર) નો વધારો કરવામાં આવે છે. જે મુજબ નવીન વેરા બીલ ભરવાની છેલ્લી તારીખ નીચે પ્રમાણે રહેશે..

| અનુ. નં. | ઝોનનું નામ | વોર્ડનંબર: | બીલ ભરવાની છેલ્લી તારીખ | ૧૫ દિવસના વધારા બાદની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| ૧. | પૂર્વ | ૪.૫.૬.૧૪.૧૫ | ૩૦-૧૧-૨૦૨૨ | ૧૫-૧૨-૨૦૨૨ |
| ૨. | દક્ષિણ | ૧૬.૧૭.૧૮.૧૯ | ૦૮-૧૨-૨૦૨૨ | ૨૩-૧૨-૨૦૨૨ |
| ૩. | ઉત્તર | ૧.૨.૩.૭.૧૩ | ૧૨-૧૨-૨૦૨૨ | ૨૭-૧૨-૨૦૨૨ |
| ૪. | પશ્ચિમ | ૮.૯.૧૦.૧૧.૧૨ | ૧૭-૧૨-૨૦૨૨ | ૦૨-૦૧-૨૦૨૩ |

મિલકત વેરાના બિલ ભરપાઇ કરવાની મુદતમાં વધારો કરેલ હોય નવીન છેલ્લી તારીખ સુધીમાં વેરા બીલ અચુક ભરપાઈ કરવા તમામ કરદાતાઓને વિનંતી છે.

વેરા બીલ બાબતે વધુ વિગતો/સમજ મેળવવા તેમજ જો કોઈ કરદાતાઓને કોઈ કારણસર વર્ષ ૨૦૨૨-૨૩નાં વેરાબીલો મળેલ ન હોય તો તે માટે સંબંધિત વોર્ડની કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

પી.આર.ઓ.નં:૭૬૯/૨૦૨૨-૨૩ મ્યુનિસિપલ કમિશનર


# ૪૦ બોગસ પેઢીઓએ રૂ. ૧૧૦ કરોડની વેરાશાખ પાસઓન કરી હોવાનું બહાર આવ્યુ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૩૦

બોગસ બિલીંગના કેસોને ઝડપી લેવા માટે ગઇકાલે જીએસટી વિભાગ અને ગુજરાત એટીએસ દ્વારા રાજ્ય વ્યાપી સંયુક્ત ઓપરેશન હાથ ધરવામા આવ્યુ હતું. જેમા ૪૪ જેટલી પેઢીઓના ૬૪ સ્થળોએ બન્ને વિભાગોની ૫૧ ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઓપરેશન કુલ છ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં કુલ ૪૦ બોગસ પેઢીઓ દ્વારા રૂ. ૧૧૦ કરોડની વેરાશાક પાસઓન કરી હોવાનું બહાર આવ્યુ છે. વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર કુલ ૪૪ જેટલી પેઢીઓના ૬૪ સ્થળોએ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમા અમદાવાદમાં ૧૦, વડોદરાની ૮, સુરતની ૧૧, કચ્છ(ગાંધીધામ)ની ૬, ભરૂચની ૭ અને વલસાડની ૨ થઇને કુલ ૪૪ પેઢીઓનો સમાવેશ થતો હતો. આ ૪૪ પેઢીઓમાંથી ૪૦ પેઢીઓ બોગસ મળી આવી હતી તેમણે રૂ. ૫૭૬ કરોડના બીલો ઇસ્યુ કરીને રૂ. ૧૧૦ કરોડની વેરાશાખ પાસઓન કરી હતી. બોગસ પેઢીઓ દ્વારા સ્ક્રપ, મેટલ, કેમિકલ, સળીયા વગેરેના બીલો ઇસ્યુ કરી ખોટી વેરાશાખ પાસઓન કરીને કરચોરી આચરી છે. ૧૬ જેટલા કેસોમાં બોગસ દસ્તાવેજોને આધારે નોંધણી નંબર મેળવ્યા હોવાનું ધ્યાને આવ્યુ છે.

## કોંગ્રેસના ઉમેદવારનું અનોખુ સોગંદનામું સોશિયલ મીડિયામાં વાયરલ, 'મને વોટ આપો હું પક્ષપલટો નહિ કરું'

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૩૦

છેલ્લા પાંચ વર્ષમાં કોંગ્રસના અનેક ઉમેદવારો પક્ષપલટો કરીને ભાજપમાં ગયા છે. જેથી મતદારોમાં કોંગ્રસના ઉમેદવારો પર ભરોસો રાખવો મુશ્કેલ બન્યો છે, ત્યારે નવસારીમાં કોંગ્રેસના ઉમેદવાર દિપક બારોટે અનોખું સોગંદનામુ કરીને મતદારોને પક્ષપલટો નહીં કરવાની ખાતરી આપી છે. કોંગ્રેસના ઉમેદવારનું આ અનોખુ સોગંદનામું સોશિયલ મીડિયામાં વાયરલ થતા ચર્ચાનો વિષય રહ્યું છે. મહત્વનું છે કે, દેશમાં અત્યાર સુધી યોજાયેલી ચૂંટણીમાં આવું સોગંદનામુ રજૂ કર્યું હોય તેવો પ્રથમ ઘટના છે. નવસારી ૧૭૫ વિધાનસભામાં નવસારી શહેરના પૂર્વ પ્રમુખ દીપક બારોટને પણ કોંગ્રેસે મેદાને ઉતર્યા છે. તેઓએ જોરશોરથી પ્રચાર કરીને પોતાની જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. પરંતુ હાલ તેમનુ સોગંદનામુ ચૂંટણી પ્રચાર વચ્ચે ચર્ચામાં આવ્યું છે. આ સોગંધનામુ તેમના પક્ષપલટાને લઈને છે. તેમણે સોગંદનામામાં લખ્યું કે, મને ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં મત આપો, વિશ્વાસઘાત નહીં કરું. કોંગ્રેસી ઉમેદવાર દિપક બારોટે મતદારોને મત આપવાની અપીલ સાથે મતદારો સાથે વિશ્વાસઘાત નહીં કરવાનો ઉલ્લેખ કર્યો


પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
એન્જિનિયરીંગ વિભાગ
''ઈ''-ટેન્ડર નોટીસ -
નવી સર્વિસ બિલ્ડીંગની જોગવાઈ અને પીવા લાયક પાણીની આપૂર્તિ

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 085 to 086 of 2022-23. ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 નીચેના કાર્ય માટે સીલ બંધ ટેન્ડર્સ આમંત્રિત કરે છે. ક્ર. સં. 1 ટેન્ડર નં. અને કામનું નામ : DRM-BRC 085 of 2022-23. વડોદરા ડિવિઝનઃ લેવલ ક્રોસીંગ ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં સહાયક ઈલેક્ટ્રિકલ કામ સહિત આણંદ-ગોધરા સેક્શનના એલસી નં. 18, 48 અને 66 ખાતે નવી સર્વિસ બિલ્ડીંગની જોગવાઈ કરવાનું કામ. (પુનઃઆમંત્રિત)(આર-1) કામની અંદાજિત પડતર (₹ માં) : 75,70,945.14 જમા કરાવવાની બીડ સિક્યોરીટી (₹ માં) : 1,51,400.00 ક્ર. સં. 2 ટેન્ડર નં. અને કામનું નામ : DRM-BRC 086 of 2022-23. વડોદરા ડિવિઝનઃ સહાયક ડિવિઝનલ એન્જિનિયર (એડીઇએન) આણંદના અધિકારક્ષેત્ર હેઠળ 12 મહિના માટે વિવિધ સ્થળો ખાતે રોડ ટેન્કર દ્વારા પીવા લાયક પાણીની આપૂર્તિ કરવાનું કામ. (પુનઃઆમંત્રિત)(આર-1) કામની અંદાજિત પડતર (₹ માં): 17,83,588.60 જમા કરાવવાની બીડ સિક્યોરીટી (₹ માં) : 35,700.00 ઉપરોક્ત બંને ટેન્ડરો માટે : ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ટેન્ડર 19.12.2022 ના 15.00 કલાક પહેલાં સુધી જમા કરાવવાના રહેશે અને તે એ જ દિવસે 15.30 કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ માહિતી જોઈ શકાશે અને કચેરીનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે : વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. W/623/NIT of 2022-23 dated 25.11.2022 183

અમને લાઇક કરો: facebook.com/WesternRly








INEOS STYROLUTION

ઇનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ

સીઆઈએન : L25200GJ1973PLC002436

રજી. ઓફિસ : પમો માળ, ઓહમ હાઉસ-II, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩, ગુજરાત.
ફોન : +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨
ઈ-મેઈલ : INSTY.secshare@styrenix.com | વેબસાઈટ : www.ineosstyrolutionindia.com

**પોસ્ટલ બેલેટ નોટિસ**

**આથી સૂચના આપવામાં આવે છે કે,** કંપનીઝ એકટ, ૨૦૧૩ (" **અધિનિયમ** ") ની કલમો ૧૦૮ અને ૧૧૦ અનુસાર અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ (" **નિયમો** ") ના નિયમો ૨૦ અને ૨૨ અને અધિનિયમ અને નિયમોની અન્ય લાગુ જોગવાઈઓ તથા કોર્પોરેટ બાબતોના મંત્રાલય (" **એમ.સી.એ. પરિપત્રો** ") દ્વારા જારી કરવામાં આવેલ સામાન્ય પરિપત્રો નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૦, ૧૦/૨૦૨૧ તારીખ ૨૩ જૂન ૨૦૨૧, ૨૦/૨૦૨૧ તારીખ ૮ ડિસેમ્બર ૨૦૨૧, ૨૧/૨૦૨૧ તારીખ ૧૪ ડિસેમ્બર ૨૦૨૧ તથા અન્ય સંબંધિત પરિપત્રો સાથે વંચાણે લેતા, જેમાં સામાન્ય પરિપત્ર નંબર ૨/૨૦૨૨ ૫ મે ૨૦૨૨ અને ૩/૨૦૨૨ તારીખ ૫ મે ૨૦૨૨ તથા સિકયોરિટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશનસ અને ડિસ્કલોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (" **લિસ્ટિંગ રેગ્યુલેશન્સ** ") ના નિયમન ૪૪, ઈન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટીંગ્સ (" **એસ.એસ.-૨** ") અને અન્ય લાગુ કાયદા, નિયમો અને નિયમનો (કોઈપણ વૈધાનિક ફેરફાર અથવા પુન: અધિનિયમ જે જે તે સમય માટે અમલમાં છે અને સમયાંતરે સુધારેલા સુધારા સહિત) અનુસાર નીચે દર્શાવેલ ઠરાવો ઈનીઓસ સ્ટાયરોલ્યુશન લિમિટેડ (" **કંપની** ") ના સભ્યો દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા, માત્ર દૂરસ્થ "ઈ-વોટિંગ" પ્રક્રિયા દ્વારા પસાર કરવાનો પ્રસ્તાવ છે, તેથી નીચેની બાબતો માટે માત્ર રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા (" **ઈ-વોટિંગ** ") દ્વારા વિશેષ ઠરાવ માટે શેરધારકોની મંજૂરી માંગવામાં આવે છે :

| મુદ્દા નં. | ઠરાવ |
|---|---|
| ૧ | કંપનીના નામમાં બદલાવ અને તેના પરિણામી, કંપનીના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનમાં સુધારા માટેની મંજૂરી. |
| ૨ | કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં સુધારો. |
| ૩ | આર્ટિકલ્સ ઓફ એસોસિએશનનો નવો સેટ અપનાવવો. |

**આથી શેરધારકોને જણાવવામાં આવે છે કે :**

૧. કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા તારીખ ૧૭ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં શેરધારકોને ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા ઉપરોકત બાબતોને મંજૂર કરવા માટે વિશેષ ઠરાવ પસાર કરવાની ભલામણ કરી હતી.

૨. તારીખ ૨૩ જૂન, ૨૦૨૧ ના પરિપત્ર નં.૧૦/૨૦૨૧ ના પાલન અન્વયે, કંપનીએ સ્પષ્ટીકરણ નિવેદન, સૂચનાઓ અને ઈ- વોટિંગ પ્રક્રિયાની રીત સાથે પોસ્ટલ બેલેટની નોટિસ મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે, તારીખ નવેમ્બર ૩૦, ૨૦૨૨ ("પોસ્ટલ બેલેટ નોટિસ") **માત્ર ઈલેકટ્રોનિક મોડ દ્વારા** એ વાત તમામ સભ્યો માટે કે જેમના ઈમેલ આઈડી કંપની/ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે અને જેમના નામ ૨૫ નવેમ્બર, ૨૦૨૨ (નિર્દિષ્ટ તારીખ) ના રોજ સભ્યોના રજિસ્ટર / લાભદાયી માલિકોની સૂચિમાં નોંધાયેલા છે.

૩. જે સભ્યોનું ઈ-મેલ કંપની / ડિપોઝીટરીઝમાં નોંધાયેલ નથી / ખોટી રીતે નોંધાયેલ છે, તેઓ પણ પોસ્ટલ બેલેટ નોટિસમાં ઉલ્લેખિત 'મતદાન માટેની સૂચનાઓ' માં વ્યાખ્યાયિત પ્રક્રિયા મુજબ પોતાનો મત આપી શકશે.

૪. **સભ્યો સૂચિત ઠરાવ પર તેમના મત તેમની સંમતિ અથવા અસંમતિ ફકત દૂરસ્થ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ વ્યકત કરી શકશે.** ઈ-વોટિંગ માટે, કંપનીએ લિંક ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને રોકેલ છે. ઈ-વોટિંગ માટેની વિગતવા પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસમાં આપવામાં આવી છે.

૫. કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સ ("બોર્ડ") એ મેસર્સ દેવેશ પાઠક એન્ડ એસોસિએટ્સ ના સ્થાપક શ્રી દેવેશ પાઠક, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ (એફ.સી.એસ. ૪૫૫૯, સી.પી.૨૩૦૬) ને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગ કરવા માટે વાજબી અને પારદર્શક રીતે પ્રક્રિયા માટે તપાસકર્તા તરીકે નિયુકત કર્યા છે.

૬. નિર્દિષ્ટ તારીખ : **૨૫ નવેમ્બર, ૨૦૨૨** ના રોજ જે શેરધારકના નામ સભ્યોના રજિસ્ટર / લાભદાયી માલિકોની યાદીમાં છે, તેને ઈ-વોટિંગ માટે ધ્યાનમાં લેવામાં આવશે. જે વ્યકિત ૨૫ નવેમ્બર, ૨૦૨૨ સુધી શેરધારક નથી તેણે આ નોટિસને માત્ર માહિતીના હેતુ માટે જ ગણવી.

૭. ઈ-વોટિંગ : મતદાન **શુક્રવાર, ૦૨ ડિસેમ્બર, ૨૦૨૨ (સવારે ૯.૦૦ વાગ્યે) શરૂ થશે અને શનિવાર, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ (સાંજે ૫:૦૦)** ના રોજ સમાપ્ત થશે.

**મહત્ત્વપૂર્ણ : એમસીએ પરિપત્રો અનુસાર, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ કરેલ છે. જે સભ્યોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવ્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ (i) જો શેર ઇલેક્ટ્રોનિક સ્વરૂપે ધરાવે છે તો ડિપોઝિટરી ભાગીદાર(રો) પાસે નોંધાવે જ્યાં તેઓ તેમના ડિમેટ ખાતાંઓ જાળવે છે, અને (ii) જો શેર ભૌતિક સ્વરૂપમાં ધરાવે છે તો https://instavote.linkintime.co.in પર ક્લિક કરીને અથવા vadodara@linkintime.co.in પર ફોલિયો નંબર, ઈ-મેઈલ એડ્રેસ અને પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલની વિગતો આપીને નોંધાવી શકે છે.**

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com પર પણ ઉપલબ્ધ છે. કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ https://instavote.linkintime.co.in પર હેલ્પ સેકશન હેઠળ ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) અને ઈન્સ્ટાવોટ ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ શકો છો અથવા enotices@linkintime.co.in પર ઈમેઈલ લખી શકો છો અથવા +૯૧ (૨૨) ૪૯૧૮૬૦૦૦ પર કૉલ કરી શકો છો, અથવા અહીં આપેલ સમપર્ક વિગતો અનુસાર નીચે સહી કરનારનો સંપર્ક કરી શકો છો.

નિયામક મંડળના આદેશથી
**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ વતી**
સહી/-
**અભિજાત સિન્હા**
હેડ-લીગલ અને કંપની સેક્રેટરી

**તારીખ :** ૦૧ ડિસેમ્બર, ૨૦૨૨
**સ્થળ :** વડોદરા